# સિંગતેલના ઊંચા ભાવથી આમ જનતામાં રોષ

મહેસાણા, તા. ૭

આમ જનતાને રોજીંદા જરૂરી એવા ખાદ્યતેલો પૈકી સિંગતેલના ભાવ આસમાને પહોંચી જતા લોકોને જીવન જીવવું અતિ કઠિન થઈ પડ્યું છે. રાજ્ય સરકાર દ્વારા સિંગતેલના વધતા જતા ભાવને કાબુમાં રાખવા માટે કોઈ અસરકારક પગલાં ન ભરાતાં લોકોમાં રોષની લાગણી ફેલાઈ છે.

ગત દિવાળીના સમયે સિંગતેલના ભાવ એકંદરે ઊંચા હતા. ત્યારબાદ આ ખાદ્યતેલના ભાવમાં સતત આગેકૂચ જારી રહેતાં આજે સિંગતેલના ૧૫ કિલોના ડબ્બાના ભાવ ૨૧૦૦ની સપાટીને આંબી ગયા છે. રાજ્યના સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં ચાલુ વર્ષે મગફળીનું ઉત્પાદન એકંદરે ઓછું થયેલ છે. જો કે ઉનાળું વાવેતર સારૂ થયું છે. બીજું ઉંચા ભાવના કારણે લોકોની માંગ પણ ઓછી થઈ છે. છતાં આવી સ્થિતિમાં કથિત સંગ્રહખોરો, કાળાબજારીયાઓ અને મિલરોની કુટનીતીને કારણે દિનપ્રતિદિન ભાવ બેકાબૂ બની રહ્યા છે. પરિણામે ગરીબ અને મધ્યમવર્ગના માનવીને સીંગતેલ ખરીદવું દોહ્યલું થઈ પડ્યું છે.

આ સાથે સાઈડ તેલો કપાસીયા, સોયાબીન, પામોલીન, સરસીયું વિગેરે તેલના ભાવો પણ વધ્યા છે. પરંતુ સીંગતેલની સરખામણીએ આ તેલોના ભાવો એકંદરે નીચા હોઈ લોકો હવે સાઈડ તેલો તરફ વળ્યા છે. સીંગતેલના ખૂબ ઉંચા ભાવને કારણે સામાન્ય ગરીબ અને મધ્યમવર્ગના માનવીને વર્તમાન કારમી મોંઘવારીમાં જીવન જીવવું મુશ્કેલ બન્યું છે.

સીંગતેલના ભાવમાં અસાધારણ વધારો થયેલ છે. ત્યારે આ તેલમાં અન્ય તેલોની મીલાવટ યા મીકસીંગનું પ્રમાણ ખુબ વધી ગયાનું ચર્ચા છે. લોકોને ઉંચા ભાવમાં પણ શુદ્ધ ખાદ્યતેલ મળી શકતું નથી. સંગ્રહખોરો, કાળાબજારીઓ ઉપર નજર રાખનાર સરકારી તંત્રને વધતા જતા સીંગતેલના ભાવને કાબુમાં રાખવાની કંઈ જ પડી નથી તેવી સ્થિતિ સર્જાઈ છે. હાલ મોંઘવારીના કાલચક્રમાં આમ આદમીને જીવન જીવવું મુશ્કેલ થઈ પડેલ છે.

## ડીસા પંથકમાં વૈશાખી લૂ સાથે કાળઝાળ ગરમીનો પ્રકોપ

ડીસા, તા. ૭

ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી કાળઝાળ ગરમીનું તાંડવ લોકોને અકળામણ આપનારૂ બન્યું છે. ગામડાઓમાં લગ્નસરાની ધૂમ સીઝન ચાલી રહી છે ત્યારે પડી રહેલી કાળઝાળ ગરમીનનો સામનો કરવા માટે લોકો વિવિધ પ્રકારના નુસખા અજમાવી રહ્યા છે.

અંગ દઝાડતી ગરમીનો સામનો કરતી ડીસા પંથકની પ્રજા માટે ઉનાળો આકરો નિવડી રહ્યો છે. બપોર તો જાણે કે આકાશ સળગતું હોય તેવો ભાસ થાય છે. આકાશમાંથી વરસતા અંગારા અને નીચે એટલી જ ગરમી લોઢા જેવી ધખધખતી ધરા વચ્ચે માનવી લાચાર બન્યો છે. સગવડ ધરાવતા લોકો તો ગરમીથી રાહત મેળવવા પંખા કે એસીનો પણ ઉપયોગ કરે પરંતુ ગરીબ અને સગવડ નહી ધરાવતા લોકોનું શું ? પ્રાણ નિકળી જાય તેવી ગરમીના વિહામણા સ્વરૂપ વચ્ચે જિલ્લાના સરહદી વિસ્તારના થરાદ-વાવના અંતરિયાળ ગામોમાં પીવાના પાણી માટે પ્રજાજનો રઝળપાટ વેઠી રહ્યા છે. આ વિસ્તારમાં પાણીની સમસ્યા કાયમી ધોરણે હલ કરવા માટે આજ સુધીમાં કરોડો રૂપિયાનું આંધણ થયુ હોવા છતાં મોટા ભાગના ગામોની સ્થિતિ જૈસે થે રહેવા પામી છે. ત્યારે કાળઝાળ ગરમી વચ્ચે જીવતા લોકોની હાલત કફોડી બની છે.

## નવા બાબરા ગામમાં અર્બુદા માતાજીના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

પાટનાકૂવા, તા. ૫

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આવેલા પંખીના માળા જેવડા નવા બાબરા ગામમાં તા. ૨૭થી ૨૯ એપ્રિલ-૨૦૧૨ દરમિયાન સમસ્ત નવા બાબરા ગામ ચૌધરી પરિવાર આયોજિત નવનિર્મિત શ્રી અર્બુદા માતાજી મંદિરનો ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉપસ્થિત સંતો-મહંતોના આશીર્વચનથી રંગેચંગે અને ઉંમગે ભક્તિભાવપૂર્વક યોજાયો હતો.

ગુજરાતમાં વસતા આંજણા ચૌધરી પાટીદારોની કુળદેવી મા અર્બુદા માતાજીનું મુખ્ય શક્તિપીઠ ધામ રાજસ્થાનના માઉન્ટ આબુ પર્વત ખાતે આવેલુંછે. અહિંના શક્તિપીઠ ધામમાંથી જ્યોત લાવીને નવા બાબરાના શ્રી અર્બુદા માતાજીના મંદિરમાં મુકવામાં આવી છે.

ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં દેહશુદ્ધિ પ્રાયશ્ચિત, કર્મ પ્રારંભ, મંડપ પ્રવેશ, કુટીર હોમ, મૂર્તિઓના ધાન્યા દિવસ, સાંય પૂજન, સાંય આરતી, જલયાત્રા, શોભા યાત્રા, મહાસ્નયન, મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા વિધિ સહિત રાત્રે રાસગરબા, સંતો-મહંતોના ભજન સત્સંગ સાથે માના હરખના તેડાને માન આપી પધારેલા માઈભક્તોને મહાપ્રસાદ આપવામાં આવ્યો હતો.

સંતો મહંતોની ઉપસ્થિતિથી સમગ્ર ગ્રામ પાવન થયું હતું. આજુ-બાજુનાં ગામડાઓમાં વસતા આંજણા ચૌધરી પાટીદારોના હૈયામાં પણ પોતાની કુળદેવી અર્બુદા માતાજીના મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને પગલે અનોખો થનગનાટ જોવા મળી રહ્યો હતો અને ગામમાં શ્રદ્ધાનો મહાસાગર છલકાયો હતો.

પ્રાણ પ્રતિષ્ઠાના મુખ્ય યજમાન જશુભાઈ કરશનભાઈ ચૌધરી તથા મનુભાઈ ભાઈલાલભાઈ ચૌધરીએ લાભ લીધો હતો.

આ પ્રસંગે મૂર્તિના દાતાઓ પૈકી શ્રીમતી જીવીબેન મણીભાઈ ચૌધરી (શ્રી અર્બુદા માતાજીની મૂર્તિ), શ્રીમતી રાજીબેન દેવજીભાઈ ચૌધરી (શ્રી ગણેશજીની મૂર્તિ), જસુભાઈ અંબાલાલ ચૌધરી (શ્રી ભૈરવજીની મૂર્તિ), શિવાભાઈ જીવાભાઈ ચૌધરી (વાઘની મૂર્તિ), પ્રવિણભાઈ જીવાભાઈ ચૌધરી (યમ, વરૂણ, કુબેરની મૂર્તિ), શ્રીમતી ગંગાબેન બહેચરભાઈ ચૌધરી (શ્રી હનુમાનજીની મૂર્તિ) અર્પણ કરી હતી.



## કાંકરેજ તાલુકાના ભલગામ પાસે ટોલનાકાનો કેશીયર લૂંટાયો

કાંકરેજ તાલુકાના ભલગામ પાસે ટોલનાકાનો કેશીયર થરા સ્ટેટ બેંકમાં પૈસા જમા કરાવવા જતાં લૂંટાયો. ટોલનાકાનો કેશીયર, ડ્રાયવર, ગનમેન આજરોજ થરા સ્ટેટ બેંકમાં પોતાની મેક્સ ગાડી જી.જે.-૩-સી.ઈ.-૮૨૩૭ લઈ જતા હતા ત્યારે અજાણ્યા બાઈકચાલકે આગળ હોન્ડા કંપનીનું મોટર સાઈકલ કાળા કલરનું ત્રણ ઈસમો સાથે આવી આડું ઉભુ રાખી ડ્રાઈવર પાસે આવી આંખમાં મરચું નાંખી, મને ફેટ મારી અમારા કબજામાં રહેલ રૂ. ૬,૦૭,૧૨૦ની લૂંટ કરી નાસી ગયેલ.

## સરદારનગર પોલીસ મથકના લોકઅપની બારી તોડી ભાગેલા બે આરોપી આખોલથી ઝડપાયા



ડીસા, તા. ૭

અમદાવાદ સરદારનગર પોલીસ સ્ટેશનના લોકઅપની બારીના સળીયા તોડી ફરાર થઈ ગયેલા ત્રણ પૈકી બે આરોપીને ડીસા પોલીસે બાતમીના આધારે ડીસાના આખોલ પાસેથી ઝડપી લીધા છે.

સરદારનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ચોરીના ગુનામાં સંડોવાયેલા પ્રકાશ ઉર્ફે પકો વાલજીભાઈ ભીલ, ઉં.વ. ૨૧, રમેશ ઉર્ફે લંગડો બાબુભાઈ ઠાકોર ઉં.વ. ૨૧ તથા દિપક ઉર્ફે દીપુ હરીશભાઈ ગુલાની ઉં.વ. ૨૨ ને શનિવારે પોલીસ ટ્રાન્સફર વોરંટથી સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી લાવવામાં આવ્યા હતા. રાતના સાડા દશ વાગે તેમને પોલીસમથકના લોકઅપમાં રાખવામાં આવ્યા હતા સવારે સાતેક વાગ્યાના સુમારે પોલીસ કર્મીઓ લોકઅપમાં તપાસ કરતા બે આરોપીઓ જોવા ન મળેલ અને પાછલી બારી તૂટેલી હાલતમાં જોવા મળતા પોલીસ તંત્રમાં દોડધામ મચવા પામી હતી. આસપાસના વિસ્તારમાં તપાસ હાથ ધરવા છતા તેમની કોઈ ભાળ મળી ન હતી આથી પોલીસે રાજ્યભરની પોલીસને મેસેજ આપી આરોપી ભાગી છૂટ્યા હોવાનું જણાવી સતર્ક રહેવા સૂચન કર્યું હતું. ભાગી છૂટેલા આરોપીઓ ડીસા નજીક આવેલા આખોલ ગામે પોતાના એક સંબંધીને ત્યાં છુપાયા હોવાની ડીસા શહેર પોલીસને બાતમી મળતા ઓચિંતો છાપો મારી બન્ને આરોપીઓને ઝડપી લઈ સરદારનગર પોલીસને સુપ્રત કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. ફરાર થયેલા આરોપી પૈકીના બે પકડાઈ જતા પોલીસે રાહતનો દમ લીધો હતો.

## આગામી રથયાત્રાની તૈયારી માટે સુભાષચંદ્ર બોઝ સેવા સમિતીની મીટીંગ મળી

ડીસા, તા. ૭

ડીસા ખાતે ચાલતી સેવાભાવી સંસ્થા શ્રી સુભાષ સેવા ટ્રસ્ટ સંચાલીત શ્રી સુભાષ ચંદ્ર બોઝ સેવા સમિતીની એક મિટીંગ મળેલ જેમાં આગામી અષાઢી બીજ ની ભગવાન જગન્નાથજી ની રથયાત્રાની તૈયારીઓ અંગેની ચર્ચા વિચીરણા કરવામાં આવેલ રથયાત્રાના ઈન્ચાર્જ તરીકે સહ ઈન્ચાર્જ ની નીમણુક કરવામાં આવેલ રથયાત્રાના ઈન્ચાર્જ તરીકે વસંતભાઈ.પી.ભરતીયા સહ ઈન્ચાર્જ ભરતભાઈ.બી.પટેલ ની નીમણુક કરવામાં આવેલ અને રથ યાત્રા પતે ત્યા સુધી દર શનિવારે સાંજે ૬:૩૦ કલાકે હિન્દુ ધર્મશાળા ડીસા ખાતે મિટીંગ મળવાનું નક્કી કરેલ.

આ મિટીંગ સફળ બનાવવા મહામંત્રી દશરથભાઈ રાજગોર તેમજ અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## ચેક રીટર્ન થતાં બે વર્ષની સાદી કેદ અને ૧૦ હજારનો દંડ

હિંમતનગર, તા.૭

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર સ્થિત ટાયરની દુકાનમાંથી મિત્ર અને પોતાના માટે ખરીદેલ ટાયરટયુબના બાકી લ્હેણાં પેટે આપેલ ચેક રીટર્ન થતા બીજા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટે બે વર્ષની સાદી કેદની સજા અને રૂ. ૧૦હજારનો દંડ ફટકારવાનો હુકમ કર્યો હતો.

મળતી માહિતી અનુસાર ફરિયાદની વિગત એવી છે કે મહેબૂબભાઈ પાંગરવાએ ટાયર ટયૂબનો વ્યવસાય કરતી પેઢીમાંથી પોતાના તથા મિત્ર અનવરખાન માટે ટાયર ટયૂબની ખરીદી કરી હતી તે પૈકી બાકી લ્હેણાંની રકમ રૂ. ૬૦૩૭૭ પેટે ચેક આપેલ હતો. કુલ રકમ પૈકી અનવરખાનના ખાતા પેટે રૂ. ૪૯૯૨૭ અને મહેબૂબભાઈના હિસાબ પેટે રૂ. ૧૦૪૫૦ લેણાં નિકળતા હતા. ફરિયાદી યુસુફભાઈએ આ ચેક ગત તા. ૧૨-૯-૦૬ના રોજ પરત ફરતા નોટીસ આપી કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ અંગેનો કેસ બીજા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સમક્ષ ચાલી જતા મહેબૂબભાઈ પોંગરવાને બે વર્ષની સાદી કેદ અને રૂ. ૧૦હજારનો દંડ ફરમાવતો હુકમ કર્યો હતો.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર ખાતે આજરોજ બનાસકાંઠા પેન્શનર્સ એસોસિએશનની ઓફિસનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુંહતું.

## વગર પરમીશને રેતી ભરીને લઈ જતા ત્રણ ટ્રેકટરો ઝડપાયા

હિંમતનગર, તા.૭

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના રાજપુર નવા ગામની સીમમાં હાથમતી નદીમાંથી ત્રણ ટ્રેકટર વગર પરમીશને રેતી ભરી લઈ જતા રંગે હાથે ઝડપાયા હતા.

જિલ્લામાં હાલ ખનીજ ચોરીઓ વધવાના બનાવ બનતા આ બાબતે હિંમતનગર મામલતદાર રીકેશ પટેલે ઓચિંતી તપાસ કરતા માલિક લાલાભાઈ હીરાભાઈ રાવળના બે ટ્રેકટર નંબર જીજે-૯-એએફ ૫૬૯૮ અને જીજે-૯-એચ-૭૨૧૫ને રૂ. ૨૦,૦૦૦નો દંડ કરવામાં આવ્યો હતો. જયારે ગીરધારી વણઝારાના ટ્રેકટર નં. જીજે-૨-બી-૨૯૪ને રૂ. ૧૦,૦૦૦નો દંડ કર્યોહતો. આમ કુલ રૂ.૩૦,૦૦૦નો દંડ વસુલવામાં આવ્યો હતો.

## ધી સર્વોદય નાગરિક બેંક લિ.ના ત્રણ હોદ્દેદારો ચૂંટાયા

હિંમતનગર, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર સ્થિત ધી સર્વોદય નાગરિક બેંક લિ. હિંમતનગરની બેંકના પેટા કાયદા ૨૭ (૩) મુજબ સને ૨૦૧૨-૨૦૧૩ના વર્ષ માટે સંચાલક મંડળના છૂટા થયેલા ત્રણ સભ્યોની ખાલી પડેલ જગ્યાઓ માટે અગાઉથી જાહેર કરેલ ચૂંટણીના કાર્યક્રમ મુજબ ગત તા. ૬ મે ૨૦૧૨ને રવિવારના રોજ યોજાયેલ ચૂંટણીમાં કુલ ચાર ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી.

આ ધી સર્વોદય નાગરિક બેંક લિ. હિંમતનગરની ચૂંટણીમાં ત્રણ સભ્યોને વધુ મતો મળતા સને ૨૦૧૪-૨૦૧૫ સુધીના વર્ષના સમય માટે મકબુલ હુસેન અ. કાદર ડોઈ રવ રજનક અ રસુલ ઝાંખવાબા અને અ. ગની અ. રસુલ હરાદવાલાઓને બેંકના ચૂંટણી અધિકારી અ. કાદર અ. રહમાન હરસોલીયા તથા મેનેજર ઈમ્તીયાજ એ સત્તાવાર ચૂંટાયેલા જાહેર કર્યા હતા.

## હિંમતનગર તાલુકાના ૧૧ હજાર હેકટરમાં ટ્રીપએરિગેશન ઉપયોગ કરતા ખેડૂતો

હિંમતનગર, તા. ૭

હિંમતનગરના રાયગઢ ખાતે ગૃહ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પટેલે મંગલદિપ પ્રજ્જલવિત મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે ખેડૂતોને સંબોધતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આજથી સમગ્ર રાજ્યમાં કૃષિ મહોત્સવ થયો છે ત્યારે કૃષિ મહોત્સવ સાચા અર્થમાં ખેડૂતો માટે ઉત્સવ બન્યો છે. કૃષિ મહોત્સવના કારણે રાજ્યમાં કેટલાક વર્ષથી કૃષી ઉત્પાદન વધ્યુ છે. કૃષિલક્ષી કામગીરીમાં મહિલા વર્ગનો ફાળો મોટો છે. મહિલાઓ ઘરમા જ નહિ પરંતુ કૃષિકાર્યમાં સમાંતર રીતે જોડાયેલાં રહ્યાં છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે હિંમતનગર તાલુકાના ખેડૂતો ટ્રીપના ઉપયોગથી પણ નિંદામણનો ખર્ચ ઘટાડી વધુ ઉપજ લઈ વધારે આવક કરતા થયો છે. છેલ્લા કેટલાય દાયકાઓમાં ખેતી આયોજન હાથ ધરવામાં આવ્યા નહોતા પરંતુ રાજ્ય સરકારે છેલ્લા આઠ વર્ષથી કૃષિ મહોત્સવનું આખા રાજ્યમાં કૃષિ અને પશુપાલન ક્ષેત્રમાં ક્રાંતિ લાવવામાં સફળતા મેળવી છે. તેમજ રાજ્ય સરકાર આરોગ્યની ચિંતા કરી પશુ આરોગ્ય મેળા અને સારવાર કેમ્પનું આયોજન કરી ૧૮૦ જેટલા પશુઓનુ પશુ શસ્ત્રક્રિયા અને કૃત્રિમ બીજદાન જેવી પશુલક્ષી અનેકવિધ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે.

પ્રાસંગિક પ્રવચન કરતા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હેમલત્તાબેન પટેલે ખેડૂતોને કૃષિ પરિવર્તન કરવાની આવશ્યકતા ઉભી થઈ છે તેમજ કૃષિ મહોત્સવના માધ્યમથી ખેડૂતોને વૈજ્ઞાનિકોના માર્ગદર્શન ઉપલબ્ધ થશે એવી આશા વ્યક્ત કરી હતી. કૃષિક્ષેત્રે નૂતન અભિગમ અપનાવનાર પ્રગતિશીલ ખેડૂતોનું સન્માનિત કરી બિરદાવ્યા હતા. લાભાર્થીઓને દિવેલાના બિયારણ ૩૩ કિટ્સ બાગાયતના ૩૪ અને પશુપાલનના ૩૦ કિટ્સનું પણ મહાનુભાવોના હસ્તે વિતરણ થયું હતું. માહિતી વિભાગ દ્વારા ખેડૂત સંમેલનમાં ભવાઈ, નાટકનું આયોજન થયું હતું.

આ પ્રસંગે સાબર ડેરીના ચેરમેન શ્રી જેઠાભાઈ પટેલ, ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના બી.એન. ચૌધરી જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, પ્રાંત અધિકારીશ્રી જે.ડી. પટેલ, મામલતદારશ્રી રીંકેશ રાયગઢ, નવલપુરા(ભા), રાયપુર, બીલપણા, જવાનપુરા, જવાનગઢ ગ્રામ પંચાયતના સરપંચશ્રી તથા આસપાસના ગામોના ખેડૂતો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાથમિક સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ડેન્ટીસ્ટ ડોકટરોની નિમણુંક કરાઈ પણ ડેન્ટલ ચેર નથી

ગાંધીનગર, તા.૭

પ્રાથમિક અને સામુહીક આરોગ્ય કેન્દ્રોમાં ડેન્ટલ ચેર સહીતના સાધનો ઉલબ્ધ ન હોવાને કારણે લોકો દાંતની સારવારથી વંચિત રહેતા હોવાની ફરીયાદો ઉઠવા પામી છે.

આરોગ્ય વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયના ગ્રામ વિસ્તારની પ્રજાને સ્થાનિક કક્ષાએ દાંતના રોગોની સારવાર ઉપલબ્ધ થાય તે માટે રાજયના આરોગ્ય વિભાગે ૭૦થી વધુ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ડેન્ટીસ્ટોની નિમણુંકો કરી છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ડેન્ટીસ્ટોની નિમણુંકો કરવામાં આવી છે પરંતુ આજદીન સુધી દાંતની સારવાર માટે જરુરી એવી ડેન્ટલ ચેર સહીતના સાધનો પુરા પાડવામાં નહી આવ્યા હોવાના કારણે ગ્રામ્ય પ્રજા દાંતની સારવારથી વંચિત રહેતા હોવાની કેટલીક ફરિયાદો ઉભી થવા પામી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિભાગ દ્વારા ડેન્ટલ ચેરોની ખરીદી માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જો કે ટેન્ડર પ્રક્રિયામાં કોર્ટ કેસ થતાં ડેન્ટલ ચેરની ખરીદીની પ્રક્રિયા વિલંબમાં પડી જવા પામી છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરોની નિમણુંક કર્યાને આજે એક વર્ષ કરતાં પણ વધુ સમય વીતી ગયો હોવા છતાં આજ દીન સુધી ડેન્ટલ ચેર સહીતના સાધનો પુરા પાડી શકાયા નથી.


ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES · APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૮૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD · Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર · કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન